ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# સે. ૨૪માં પાણી પુરવઠા મામલે મેયર-કાઉન્સીલરોને ઘેરાવ કરતા રહીશો



ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરના સેક્ટર-૨૪માં આજે પેયજળનો પુરવઠો ખોરવાઈ જતાં રહીશોએ મનપાના મેયરપતિ કેતન પટેલ તેમજ કાઉન્સીલરોને ઘેરાવ કરી પાણીનો પુરતો જથ્થો આપવા અંગે ઉગ્ર રજુઆત કરી હતી.

સે. ૨૪ના સહયોગ સોસાયટી સહિતના વિસ્તારમાં આજે સવારે પાણીનો પુરવઠો પહોંચ્યો જ ન હતો તેથી લોકો ભારે રોષે ભરાયા હતા.

**પેયજળનો પ્રશ્ન તાકીદે ઉકેલો નહિતો મેયર કચેરીનો ઘેરાવ કરીશુ : અંકિત બારોટ**

ગાંધીનગર શહેરમાં પુરા ફોર્સથી પાણી નહિ મળતુ હોવાની તેમજ પેયજળ ડહોળુ આવતી હોવાની ફરિયાદો તંત્રને કરી થાકી ગયા છે પરંતુ આ દિશામાં હજુ સુધી કોઈ જ નક્કર કાર્યવાહી નથી થઈ.

સે. ૨૪ના સહયોગ એપાર્ટમેન્ટ અને આસપાસના રહીશોએ આજે સવારે પાણીનો પુરવઠો નહિ મળ્યાની રજુઆત મેયર અને કાઉન્સીલરોને કરી હતી. મેયરના બદલે તેમના પતિ કેતન પટેલ અને કાઉન્સીલરો પહોંચ્યા હતા.

સે. ૨૪ની પાણીની સમસ્યા અંગે કોંગીના કાઉન્સીલર અંકિત બારોટે તો પેયજળનો પુરવઠો ફોર્સથી ના આપી શકાય તો ટેન્કરો દ્વારા પાણી પુરવઠો આપવાની માંગ કરી છે એટલુ જ નહિ જો આ પાણીની સમસ્યા તાત્કાલિક ઉકેલવામાં નહિ આવે તો આગામી દિવસોમાં મેયર કચેરીને ઘેરાવ કરવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારી છે.

ગાંધીનગરના પ્રથમ નાગરિક મેયર દ્વારા ગાંધીનગર શહેરમાં કોઈ જગ્યાએ પાણીની સમસ્યા નથી તેવા નિવેદનો કરે છે. આજરોજ સેક્ટર-૨૪માં સહયોગ એપાર્ટમેન્ટ અને આસપાસના વિસ્તારમાં પાણી આવતું નથી તેવી રજૂઆત કરવા મેયરને અરીસો બતાવવા બોલાવવામાં આવ્યા હતા પરંતુ મેયરે આવવાની તસ્દી સુદ્ધા લીધી ન હતી અને તેમના પતિદેવને મોકલી આપ્યા હતા. પ્રજાનો રોષ એટલો બધો હતો કે મેયરના પતિદેવ અને ભાજપના કોર્પોરેટરના પતિદેવને લોકોએ ઘેરી લીધા હતા. લોકો દ્વારા પૂછવામાં આવતા સમસ્યાનો ઉકેલ ટૂંક સમયમાં આવી જશે તેવો લૂલો બચાવ કરી ભાગી ગયા હતા. આજરોજ કમિશ્નરશ્રીને રજૂઆત કરી હતી કે જ્યાં સુધી તમારૂ તંત્ર પાણી આપવામાં નિષ્ફળ છે ત્યાં સુધી ટેન્કર દ્વારા લોકોને પાણી મળી રહે તેવી તાત્કાલિક વ્યવસ્થા ઉભી કરો. પાણી વગર લોકોનું જળજીવન ખોરંભે ચડ્યું છે અને સત્તાધીશો પોતાની મસ્તીમાં મસ્ત છે, જે કોઈ પણ કાળે ચલાવી લેવામાં નહિ આવે. ટૂંક સમયમાં પાણીની સમસ્યાનો ઉકેલ નહિ આવે તો વસાહતીઓને સાથે રાખી ઉગ્ર આંદોલન કરી મેયર ઓફીસનો ઘેરાવો કરવામાં આવશે.

# ચૂંટણીપંચ આદર્શ મતગણતરી મથક બનાવી મતગણતરીની ખાસ તાલિમ આપશે

## ૧૭મીએ ગુજરાત કોલેજ ખાતે તમામ ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની તાલિમ

ગાંધીનગર, તા. ૧૪

કેન્દ્રીય ચૂંટણીપંચ આદર્શ મતગણતરી મથક બનાવી અને ચૂંટણીની મતગણતરી અંગે આગામી ૧૭મી મે ના રોજ રાજ્યના અધિકારીઓને ખાસ તાલિમ આપશે.

પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ચૂંટણીપંચના અધિકારીઓની ખાસ ટીમની ઉપસ્થિતિમાં આખા દિવસની તાલિમનું આયોજન કરાયુ છે.

અમદાવાદ સ્થિત ગુજરાત કોલેજ ખાતે આ આદર્શ મતગણતરી મથક તૈયાર કરવામાં આવી રહ્યુ છે. આ મતગણતરી મથકમાં કેવી વ્યવસ્થા, કેવા પ્રકારનું આયોજન, પોષ્ટલ બેલેટની ગણતરી, ઈ.વી.એમ.ની સ્લીપોની ગણતરી સહિતના વિવિધ મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા છે.

પંચના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૬ બેઠકોના તમામ ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓને આ માટેની સૂચના આપી દેવામાં આવી છે. આખો દિવસ ચાલનારી આ તાલિમમાં કેન્દ્રીય ચૂંટણી પંચના અધિકારીઓની ટીમ પણ ખાસ હાજર રહેનાર છે.

ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં મતગણતરી દરમ્યાન આર.ઓ. હેન્ડબુકના નિયમોનું પાલન નહિ થયાની આકરી ટકોર બાદ પંચ મતગણતરીને લઈ ખુબ જ ગંભીર બની ગયુ છે. પહેલીવાર તમામ રાજ્યોમાં આદર્શ મતગણતરી મથક બનાવી ખાસ તાલિમ આપવામાં આવી રહી છે.

આ તાલિમ બાદ જિલ્લાકક્ષાએ ગણતરીદારોને પણ વિશેષ તાલિમ આપવામાં આવશે. ચૂંટણીની મતગણતરીમાં દરેક વિધાનસભાના પાંચ ઈ.વી.એમ.ની વી.વી.પેટની સ્લીપોનું મેળવણુ કરવાનું હોવાથી પરિણામ પણ મોડા થશે તેમ જાણવા મળેલ છે.

આગામી ૨૩મી મે ના રોજ રાજ્યમાં ૨૮ કેન્દ્રો પર મતગણતરીનું કામ હાથ ધરવાનું છે. આ કેન્દ્રો નિયત પણ થઈ ચુક્યા છે અને ત્યાંથી પરિણામ રાઉન્ડવાઈઝ ચૂંટણી પંચને મોકલવામાં આવશે. આ માટે તકનીકી કનેક્ટીવીટી પણ ગોઠવાઈ ગઈ હોવાનું પંચના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.



શહેરમાં કેરી ઠલવાઈ - વૈશાખના મધ્યમાં કેરીનું જથ્થાબંધ આગમન શહેરમાં થઈ રહ્યું છે... શાકમાર્કેટ સહિત અનેક સ્થાનો પર જથ્થાબંધ સ્વરૂપે કેરી ઠલવાઈ રહી છે... તબીબી વિજ્ઞાનમાં ગરમીના દિવસોમાં કેરી ઉપકાર ગણાવાઈ છે... હજુ તો કેસર કેરી તો આવવાની બાકી છે પરંતુ કેરી એટલે કેરી આજકાલ શહેરમાં નગરજનો કેરી ખરીદવામાં મશગુલ બન્યા છે... અનેક પરિવારો કેરીની મોસમ પૂર્ણ આનંદથી ઉજવે છે... ઠેર ઠેર કેરી મહોત્સવ યોજાય છે... પર્વો અને પ્રસંગોએ પણ રસ-રોટલીના ભોજન પીરસાય છે... આમ ચારેય તરફ કેરી... કેરી... કેરી... જ છે...

# જુલાઈમાં યોજાનાર ચોમાસુ સત્રમાં રૂપાણી સરકારની આકરી કસોટી

## પાણી, દલિત, ખાતર પ્રશ્ને હલ્લાબોલ કરાશે : તીખા પ્રહારો અને પ્રશ્નોના મારાનો બચાવ કરવા સરકાર માટે પડકાર : ભાજપના નેતાઓ અત્યારથી સંપૂર્ણ સજ્જ

ગાંધીનગર, તા.૧૪

હાલ સમગ્ર રાજયમાં પાણીનું ગંભીર જળસંકટ, દલિતોનો સામાજિક બહિષ્કાર અને ખાતર સહિતના મુદ્દાઓને લઈ માહોલ ગરમાયો છે ત્યારે આગામી જુલાઈ મહિનામાં ફરી એકવાર રૂપાણી સરકારની આકરી કસોટી થશે. ગુજરાત વિધાનસભાનું ચોમાસુ સત્ર જુલાઈ મળી રહ્યું છે, ત્યારે આ સત્રમાં રૂપાણી સરકાર સંપૂર્ણ બજેટ રજૂ કરશે. ૨૧ દિવસ સુધી ચાલનારા આ સત્રમાં નાણાંમંત્રી નીતિન પટેલ દ્વારા નવી યોજનાઓ, નીતિઓ અને જોગવાઈઓ સાથેનું અંદાજપત્ર રજૂ કરવામાં આવશે. બજેટની સાથે સાથે આ સત્રમાં રૂપાણી સરકારની પણ અગ્નિ પરીક્ષા થશે. આ દરમ્યાન મુખ્ય વિરોધપક્ષ કોંગ્રેસ રૂપાણી સરકારને પાણી, ખાતર અને દલિતોના મુદ્દે ઘેરવાનો પ્રયાસ કરશે. તો વિપક્ષના તીખા પ્રહારો અને સવાલોના મારાનો બચાવ કરવાનો સરકાર માટે પણ બહુ મોટો પડકાર હશે અને તેથી ભાજપના સભ્યો અત્યારથી જ આ વિવાદોના બચાવ માટે રણનીતિ તૈયાર કરવામાં જોતરાયા છે. ગુજરાત સહિત સમગ્ર દેશમાં લોકસભા ચૂંટણીના કારણે ગુજરાત સરકારે ફેબ્રુઆરી માસમાં સંપૂર્ણ બજેટ રજૂ કરવાને બદલે વોટ ઓન એકાઉન્ટ રજૂ કરીને આગામી છ મહિનાના ખર્ચાની જોગવાઈ પસાર કરી હતી. સામાન્ય રીતે વિધાનસભાનું સત્ર ૬ મહિને બોલાવવામાં આવે છે, જેની જોગવાઈ અનુસાર આગામી જુલાઈ મહિનામાં વિધાનસભાના ચોમાસુ સત્ર દરમિયાન સરકાર સંપૂર્ણ બજેટ રજૂ કરશે. જેના માટેની તૈયારી નાણાં વિભાગ દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. નાણાં વિભાગે શરૂ કરેલી તૈયારીના ભાગરૂપે બજેટ માટેના ૬૪થી વધુ બજેટ પ્રકાશનો તૈયાર કરવામાં આવ્યા છે અને ઓગસ્ટ-૨૦૧૯થી માર્ચ-૨૦૨૦ સુધીના ખર્ચ માટેનું ફેરફાર કરેલું બજેટ રજૂ થશે. અગાઉ લેખાનુદાન સમયે બજેટનું કદ ૧.૯૧ લાખ કરોડ નક્કી કર્યું હતું. જેમાંથી ચાર મહિનાના ખર્ચ પેટે રૂ.૬૩૯.૩૯ કરોડ મંજૂર કરવામાં આવ્યા હતા.

જો કે જુલાઈમાં રજૂ થનારા બજેટમાં સુધારેલા અંદાજ મુજબ, બજેટનું કદ ૧.૯૧ લાખ કરોડથી વધીને ૨ લાખ કરોડ સુધી પહોંચી જવાની શક્યતાઓ છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર એસ.ટી. ડેપોમાં આખરે પોલીસ ચોકી શરૂ કરાશે

## ડેપોમાં અવરજવર કરતા મુસાફરો રોજબરોજ તસ્કરીનો ભોગ બનતા લાંબા સમયથી પોલીસ ચોકી શરૂ કરવા માંગ ઉઠવા પામી હતી : તંબુ ચોકી કાર્યરત કરવા પોલીસતંત્રની તૈયારી

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગર એસ ટી ડેપોમાં પોલીસ પહેરાના અભાવ વચ્ચે રોજબરોજ મુસાફરો તસ્કરીનો ભોગ બની રહ્યા છે. આવા સંજોગોમાં ડેપો સંકુલમાં પોલીસ ચોકી શરૂ કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. પરંતુ વર્ષોના અંતે આ મામલે કાંઈ થઈ શક્યુ નથી. જો કે ડેપો દ્વારા સ્ટેશનના ગેટ નં -૨ પાસે ચોકી માટે જગ્યા ફાળવવાનો નિર્ણય લેવાયો છે. ત્યારે હવે પોલીસ તંત્ર દ્વારા આ ઠેકાણે તંબુ ચોકી શરૂ કરવાની તૈયારી દર્શાવતા ટુંકમાં ડેપોમાં પોલીસ પહેરો જોવા મળશે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરવા માટે આખરે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ડેપો સંકુલમાં પોલીસ ચોકીના અભાવે રોજબરોજ મુસાફરો પીક પાકેટીંગ સહીત અનેક તસ્કરીના બનાવોનો ભોગ બની રહ્યા છે. બે દિવસ અગાઉ પણ મહીલાના પાકીટની ઉઠાંતરી થઈ હતી. જયારે આડા દિવસોમાં પણ અવારનવાર આ પ્રકારના બનાવો બનતા ડેપો સંકુલમાં પોલીસ પહેરો મુકવા માટે અગાઉ અનેકવાર માંગ ઉઠવા પામી છે. દિવાળી સહીતના તહેવારોના દિવસોમાં રોજબરોજ મુસાફરો તસ્કરીનો ભોગ બનતા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે. જેના લીધે ડેપો સંકુલમાં પ્રવેશતા મહીલાઓ અને સિનિયર સિટીઝન્સે વિશેષ સાવધાન રહેવાની અનિવાર્યતા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. બીજીતરફ ડેપો સંકુલમાં પોલીસ ચોકી શરૂ કરવા માટે પણ એક દાયકાથી

● અનુસંધાન પાન-૭ પર

કૃષિ મંડળ દ્વારા આયોજિત
કેશર કેરી
ખેડૂત દ્વારા સીધુ વહેચાંણ
૧૦૦% કાર્બાઈડ રહીત તથા ઓર્ગેનીક
ખીમરાજભાઈ
મો. ૯૦૩૩૭૭૩૬૧૪
બલરામ ભવન ગેટ, સેક્ટર-૧૨, ગાંધીનગર

# ઉનાવા ખાતે રૂફટોપ કિચન ગાર્ડન પ્રોજેક્ટ નિહાળી આરોગ્ય કમિશ્નર પ્રભાવિત

ગાંધીનગર, તા. ૧૪

રાજ્યના આરોગ્ય કમિશ્નર સુશ્રી જયંતી રવિએ આજે ગાંધીનગર તાલુકા પ્રા.આ. કેન્દ્રની ખાસ મુલાકાત લઈ આઈએમસી બેઠક યોજી જિલ્લાની આરોગ્ય સેવાઓ અંગેની કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.




જયંતી રવિએ ઉનાવા પ્રા.આ. કેન્દ્ર ખાતે કિચન ગાર્ડન તેમજ રૂફટોપ કિચન ગાર્ડન પ્રોજેક્ટ અંગેની વિગતો મેળવી હાથ ધરાયેલ પ્રોજેક્ટ પછી દરેક જિલ્લામાં એક આવુ કેન્દ્ર વિકસીત કરવામાં આવશે તેવી મહત્વની જાહેરાત પણ કરી હતી.

આજે મળેલ આ આઈએમસી બેઠકને લઈ રાજ્યના ઉચ્ચ અધિકારીઓ તેમજ જિલ્લાના અધિકારીઓ હાજર રહ્યા હતા.

તેમણે સમાજમાં રાસાયણિક ખાતર, જંતુનાશક વગરના શાકભાજી મળી રહે અને લોક જાગૃતિ દ્વારા લોકો પણ પોતાના જરૂરી શાકભાજી રૂફટોપ કિચન ગાર્ડન દ્વારા મેળવી બિનચેપી રોગોના દર્દીઓની સંખ્યામાં ઘટાડો થાય તેવી અપીલ કરી હતી.

ઘન અને પ્રવાહી કચરાને એક સ્ત્રોત તરીકે જોવામાં આવે તો તેના ઉપયોગ થકી ઓર્ગેનિક શાકભાજી ઉગાડી શકાય છે તેમ પણ તેમણે કહ્યુ હતુ.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર. રાવલ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે જિલ્લામાં આરોગ્ય સેવાઓના સઘનીકરણ માટે લેવાયેલા પગલાંઓની જાણકારી કમિશ્નરશ્રીને આપી હતી.

જિલ્લામાં કુપોષણની સમસ્યા તેમજ બિનચેપીરોગના દર્દીઓની સંખ્યા અંગે પણ તેમણે કેટલીક વિગતો કમિશ્નરશ્રીને આપી અને ચર્ચા કરી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ચાલુ થયા પછી આરોગ્ય કમિશ્નરશ્રીની આ પહેલી મુલાકાત હતી.

# કેપિટલ સ્ટેશન પર ટ્રેઈન બંધ છતા મુસાફરોને ટીકીટ થોપી દેવાય છે

## દાહોદથી આવતી મેમુ - ડેમુના મુસાફરો આણંદ ઉતારી દેવાતા આર્થિક નુકશાન : ગાંધીનગર સ્ટેશન પર ટ્રેઇન ન આવતી હોય તેવા કિસ્સામાં ટીકીટ ઇસ્યુ ન કરવા મહામંડળે ડી.આર.એમ.ને પત્ર લખ્યો

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગર રેલેવે સ્ટેશન પર છેલ્લા કેટલાક સમયથી પુરજોશમાં કામગીરી ચાલી રહી છે. સ્ટેશન વિસ્તારમાં એકબાજુ હોટલના પ્રોજકટ ઉપરાંત ઓવરબ્રિજ ના નિર્માણની કામગીરી પણ હાથ ધરાઈ છે. આ ઉપરાંત રેલવે ટ્રેક સંબંધિત કામગીરી પણ ચાલી રહી છે.આ દરમિયાન કેપિટલ સ્ટેશન પર ટ્રેઈનની અવરજવર બંધ છે. આમછતા રેલયાત્રિકોને ગાંધીનગર સુધીની ટીકીટ ઈસ્યુ કરાતા મુસાફરોને માનસિક હેરાનગતિ સાથે તગડુ આર્થિક નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. આ મામલે શહેર વસાહત મહામંડળે રેલવે ડિવીઝનલ મેનેજરને પત્ર લખી રજુઆત પણ કરી છે. ગાંધીનગર રેલવે સ્ટેશન પર મહાત્મા મંદિર નજીક ઓવરબ્રિજનુ કામ ચાલી રહ્યુ છે. આ ઉપરાંત હોટલના નિર્માણની કામગીરી પણ પ્રગતિ હેઠળ છે. જયારે રેલવે ટ્રેક સંબંધિત કામગીરી પણ ચાલી રહી હોવાના લીધે છેલ્લા કેટલાક સમયથી કેપિટલ સ્ટેશન પર ટ્રેઈન આવતી નથી. પરંતુ કેપિટલ સ્ટેશન પર ટ્રેઈન ન આવતી હોવાછતા રેલયાત્રિકોને ટીકીટ ફાળવવામાં આવે છે. જેના લીધે આણંદની મેમુ ડેમુ ટ્રેઈન સહીતના મુસાફરો દાહોદથી ગાંધીનગર આવવાના બદલે આણંદ લટકી જવાનો વારો આવે છે. આ મુસાફરોને આણંદ જ ઉતારી દેવામાં આવે છે. જેથી તેમને પારવાર મુશ્કેલી વેઠવાની સાથે મોટુ આર્થિક નુકશાન પણ વેઠવુ પડે છે. ગાંધીનગર આવતા મુસાફરોને હજારો રૂપિયાનુ નુકશાન થાય છે. આ જ સ્થિતિ ગરીબ રથ તેમજ શાંતિ એકસપ્રેસના મુસાફરોની પણ થાય છે. ગાંધીનગર ટ્રેઈન ન આવતી હોવાછતા બોર્ડીંગ આપવામાં આવે છે. આ મામલે ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે ડિવીઝનલ રેલવે મેનેજરને પત્ર લખી રેલ મુસાફરોની આ હાલાકીને દુર કરવા માટે પણ રજુઆત કરી છે. જે મુજબ રેલવેના મુસાફરો અધવચ્ચે લટકી ન પડે તે સ્થિતિ નિવારવા કેપિટલ સ્ટેશન જયાં સુધી ટ્રેઈન ન આવે ત્યાં સુધી ટીકીટ ઈસ્યુ ન કરવા માટે પણ રજુઆતમાં જણાંવાયુ છે. જયારે આ મામલે ગુજરાતના તમામ સ્ટેશનોને જાણ કરવા માટે પણ રજુઆતમાં જણાવાયુ છે. જેથી કોઈપણ સ્ટેશન પરથી આવતા મુસાફરોને આર્થિક નુકશાની સાથે સમય બગાડવાની નોબત ન આવે તેનો ખ્યાલ રાખવા માટે પણ રેલવે તંત્રને રજુઆત કરાઈ છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com